



-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભક્તિ અને ઉત્સાહભર્યા માહોલમાં ભાદરવી મહામેળાનો ભવ્ય -ારંભ થયો છે. કલેકટરશ્રી દિલીપ રાણાએ માતાજીની પૂજા-અર્ચના કરી રસ્તા ઉપર માતાજીનો રથ ખેચીને મેળાનો વિધિવત -ારંભ કરાવ્યો હતો. યાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે તે માટે કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણાના માર્ગદર્શન અને સુચના અનુસાર જિલ્લા વહીવટીતંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વ્યાપક સુવિધા કરવમાં આવી છે. વ્યવસ્થામાં કેટલાક નવા સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. કલેકટરશ્રીની સુચના અનુસાર સંખ્યાબંધ સ્થળોએ ઈન્વર્ટર અને સોલાર લાઈટ ગોઠવાવામાં આવી છે. જેથી લાઈટ જાય તેવા સંજોગોમાં ઈન્વર્ટર વ્યવસ્થાને લીધે આપોઆપ બીજી લાઈટો ચાલુ થઈ જશે. અંબાજી મુકામે રસ્તાઓ ઉપર ટ્રસ્ટ અને વિવિધ સેવાભાવી લોકો ધ્વારા વોટર-ુફ ટેન્ટ અને વિસામાની સરસ સગવડ કરવામાં આવી છે. અંબાજી મુકામે ટ્રસ્ટ ધ્વારા ત્રણ સ્થળોએ અંબિકા ભોજનાલય, દિવાળીબા ધર્મશાળા અને ગબ્બર ખાતે વિનામૂલ્યે ભોજનની સગવડ કરવામાં આવી છે. અંબાજી ભાદરવી મહામેળા -સંગે લાખો માઈભક્તો દુરદુરથી આવે છે. માતાજી શક્તિ સ્વરૂપ હોવાથી ચાલીને આવવાથી માતાજી જલ્દી -સંન્ન થાય છે તેવી માન્યતા હોવાથી લોકો ચાલતા, કષ્ટ વેઠીને અંબાજી જાય છે.

મેળા -સંગે દુરદુરથી લોકો ચાલતા અંબાજી પહોંચે છે. માઈભક્તો પોતાની ઓળખ, હોદ્દો કે ટેન્શન બધુ જ ભુલીને બોલ માડી અંબે....... જય જય અંબેના જયઘોષ સાથે અંબાજી તરફ સતત ચાલતા જ રહે છે. પદયાત્રામાં જોડાયા પછી માતાજીના નામ સિવાય કંઈ જ યાદ રહેતુ નથી. મન પડે ત્યારે ચાલવાનું, ગરબાની રમઝટ જામી હોય ત્યાં ગરબે ઘુમવાનું અને શ્રધ્ધાના સથવારે લીલાછમ ડુંગરાઓમાં આગળ વધતા રહેવાનું....... અંબાજી પહોંચીને માતાજીના દર્શન કરી જે ધન્યતા અને આનંદ માઈભક્તો અનુભવે છે તે તો જીવનનો મહાન લ્હાવો જ હોય છે. દર્શન કરીને ધન્ય બનેલા ઘણા માઈભક્તોની આંખમાં હર્ષના આંસુ પણ જોવા મળે છે.




## બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ઈન્ડિયના ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર ખાતે એન.એસ.એસ. પ્રોગ્રામ અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ખાતે બી.એસસી. બી.એડ્. તથા બી.એ. બી.એડ્. અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં ભાવી શિક્ષકો દ્વારા ઉત્સાહપૂર્વક બ્લડ ડોનેટ કરી કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોગ્રામ ઓફીસર શ્રી ડો. સંજય રાઠોડ તથા અભીલાષા તીવારીએ જહેમત ઉઠાવેલ હતી. આ તબક્કે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના કુલપતિશ્રી ડો. શશીરંજન યાદવજીની માર્ગદર્શક પ્રેરણાથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારીગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## મહેસાણામાં ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ પડયો

મહેસાણા, તા.૩

ગુજરાત અને રાજસ્થાનમાં સર્જાયેલ અપર એર સર્કયુલેશનના કારણે ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બે થી ત્રણ ઈંચ જેટલો વરસાદ પડયો છે.

જિલ્લામાં સર્વત્ર શ્રીકાર વર્ષાને કારણે ચોમાસું ખરીફપાકોના વાવેતરોને જીવતદાન મળી ગયેલ છે. જિલ્લામાં ગઈ કાલ સાંજથી શરુ થયેલ વરસાદ આજ બપોર સુધી ચાલુ રહ્યો હતો. વરસાદ થવાથી ખેડૂતવર્ગમાં આનંદની લાગણી ફેલાઈ છે. મહેસાણા જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઊંઝા અને બેચરાજી તાલુકામાં થયો છે. આ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા તેમજ જનજીવન પર અસર પડી હતી.

## સે-૨૯માં રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩

નિકી મેટરનીટી હોમ સેકટર-૨૯ ખાતે કેન્સર દર્દીઓના લાભાર્થે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ તા. ૭ સપ્ટેમ્બર, રવિવાર, સવારે ૯ થી ૧ કલાક દરમિયાન યોજાશે.

## મોડાસાની આર.ટી.ઓ. કચેરી પાસેના
# રોડ પરનું ડીવાઈડર ઉદ્‌ઘાટન પહેલા જ તુટી જતાં
# કોન્ટ્રાકરને નગરપાલિકા દ્વારા નોટીસ ફટકારાઈ
## એવરેસ્ટ મલ્ટીટેક અમદાવાદની કંપનીને પાલિકાએ નોટીસ ફટકારી

મોડાસા તા.૩

સરકાર ધ્વારા લાખો રૂપીયા નો ખર્ચ કરી ને વિકાસ ના કામો કરવામાં આવી રહયા છે ત્યારે કોન્ટ્રાકટરો ધ્વારા પોતાના ખીસ્સા ભરવા માટે હલકી કક્ષા નુ મટીરીયલ વાપરી ને કામ કરવામાં આવે છે જેના ધ્વારા તૈયાર થયેલ રોડ મકાન કે બીલ્ડીગ ગમે તે હોય તે ટુંક જ સમય માં તુટવા લાગે છે આવો જ એક કીસ્સો હમણાં મોડાસા ની આર.ટી.ઓ ઓફીસ પાસે આવેલ રોડાઉપર નુ ડીવાઈડર ઠેરઠેર ટુટી જતા પ્રકાશ માં આવ્યો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહિતીસ અનુસાર મોડાસા નગર પાલિકાધ્વારા મેઘરજ રોડ થી લઈ ને આર.ટી.ઓ ઓફીસ સુધી સ્ટ્રીટ લાઈટો ઉભી કરવામાં આવી હતી પરંતુ આ લાઈટ ના થાંભલા ની આજુ બાજુ બનાવેલ ડીવાઈડર ઉદઘાટન પહેલા જ તુટી જતા કોન્ટ્રાકટર ને આપવાનુ નીકળતુ બાકી પેમેન્ટ નગરપાલિકા મોડાસા ધ્વારા અટકાવી દઈ નોટીસ ફટકારવામાં આવી છે. રાજય સરકાર ધ્વારા મોડાસા નગરપાલિકા ને ફાવેલ ગ્રાન્ટ માં થી ડુગરવાડા ચોકડી થી લઈ મેઘરજ રોડ ને જોડતો ડી.પી. રોડ ઉપર લાખો રૂપીયા ના ખર્ચે સ્ટ્રીટ લાઈટે નાખવામાં આવી હતી આ સ્ટ્રીટ લાઈટ ના આજુબાજુ ના ડીવાઈડર બનાવાનો કોન્ટ્રકટ અમદાવાદ ની એવરેસ્ટ મલ્ટીટેક કંપની ને આપવામાં આવ્યુ હતુ પરંતુ આ કંપની ના કોન્ટ્રાકટરે પોતાના ખીસ્સા ભરવા માટે હલકી કક્ષા નુ મટરીયલ વાપરતા આ ડીવાઈડર નુ ઉદઘાટન થાય થે પહેલા જઅલગ અલગ જગ્યા એ થી તુટી જતા આ કંપની ને નોટીસ ફટકારી કંપની ને આપવાનુ બાકી નીકળતુ ૪.૫ લાખ રુપીયા જેટલુ પેમુન્ટ તાત્કાલીક ધોરણે સ્ટોપ કરી દેવા માં આવ્યુ હતુ આમ નગરપાલિકા ધ્વાર આમ કોન્ટ્રકટર ને હલકી કક્ષા ની ગુણવત્તા ના કામ બદલ નોટીસ ફટકારાતાં બીજા કોન્ટ્રાકટરો માં ફફળાટ વ્યાપી ગયો હતો.

## શબ્દાવલી - ૫૪૯૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| ૮ | | ૯ | ■ | ■ | ■ | ૧૦ | |
| ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | | |
| | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | ■ | ■ | ૨૦ |
| ૨૧ | | ■ | ૨૨ | | | ■ | |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | |

### આડી ચાવી

૧. ... નો ગુણ સૌથી વધુ શ્વાસમાં હોય છે (૪)
૪. મરજાદ, લાજ (૩)
૬. પુરૂષ, માણસ (૨)
૭. તિખારો, ચિનગારી (૩)
૮. વિકાસ થવો, ... થવી (૩)
૧૦. વંટોળ - વા (૨)
૧૧. વેંત જેવડો માણસ (૩)
૧૨. જગ્યા, નવરાશનો સમય(૪)
૧૪. હાથની હથેળીની મુદ્રાથી લેવાતું માપ (૨)
૧૬. રક્ષણ, રાખડી (૨)
૧૮. ધ્યેય (૨)
૨૧. પાણીની ચકલી (૨)
૨૩. કહાની (૩)
૨૪. સન્યાસી, સાધુ (૨)

### ઊભી ચાવી

૧. પચાસ વર્ષ પુરા થાય તે મનુષ્યની ઉંમર... કહેવાય (૫)
૨. તલાક, છુટાછેડા (૪)
૩. પ્રણાલી, પ્રથા (૨)
૪. અડધો નહિ... (૨)
૫. જજ (૪)
૯. 'વેંતિયો' શબ્દ આડોઅવળો (૩)
૧૦. અભિલાષા, ઇચ્છા (૩)
૧૩. પતિ (૨)
૧૫. સમશેર (૪)
૧૭. પાણી (૨)
૧૯. તાકાત, કાર્ય કરવાની...(૩)
૨૦. દિલચશ્પપણુ (૩)
૨૧. આંગળીથી... વેગળા (૨)

### શબ્દાવલી ૫૪૯૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) માનસરોવર (૭) નર (૮) માંડવી (૯) સમ (૧૦) માંગા (૧૧) ચકમક (૧૩) નજર (૧૫) રામનવમી (૧૮) સીમ (૧૯) નમ (૨૦) યજમાન (૨૧) વિનય

**ઊભી ચાવી :-** (૧) માનસન્માન (૨) નરમ (૩) રોમાંચક (૪) વડ (૫) રવી (૬) રોજગાર વિનીમય (૧૧) ચરમસીમા (૧૨) કલમી (૧૪) જરા (૧૬) નમન (૧૭) જય (૧૯) નન



ગાંધીનગર શહેરની વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા સમાજ સેવી દશરથલાલ એમ. પટેલને બહુવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા 'વિશિષ્ટ સેવા સિધ્ધિ એવોર્ડ-૨૦૧૪' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## મોસ્કો પહોંચી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ રોડ શોનું ઈન્ડેકસટબી, કન્ફેડરેસન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) નેશનલ પાર્ટનરલ અને કેપીએમજી નોલેજ પાર્ટનર દ્વારા સંયુક્ત રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ શોને સ્થાનિક ઉદ્યોગજગત તરફથી ઉત્સાહપૂર્વકનો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો જેમાં ૧૪૦ ઔદ્યોગિક જુથોએ ભાગીદારી નોંધાવી હતી.

ભારતીય એમ્બેસીમાં ડેપ્યુટી ચીફ ઓફ કમિશ્નર સંદીપ આર્યએ રોડ શો ખાતે ભારતીય પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું હતું. અસ્ત્રાખન પ્રદેશના વાઈસ ગર્વનર નિકોલાય કોરોલેવ ગુજરાત સાથે કારોબાર અંગેના તેમના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલી અસ્ત્રાખનની મુલાકાતની યાદ પણ તાજી કરાવી હતી તેમણે નજીકના ભવિષ્યમાં મોદી અસ્ત્રાખનની ફરીથી મુલાકાત લે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મુર્મુએ આગામી વર્ષે જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૫નું સવિસ્તૃત પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે જાન્યુઆરી ૨૦૧૫માં સ્થાનિક ઔદ્યોગિક પ્રતિનિધિમંડળને વાઈબ્રન્ટ ગુજરાતની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

## રજા રદ કરાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કર્મયોગીની મોકડ્રીલ યોજી હતી. ૬.૨૦ સુધી આ યલો કોડ અપાયેલું રહ્યું હતું. આ પછી તે વિડ્રો કરવામાં આવ્યું હતું. યલો કાર્ડ એ મોટી હોનારત થઈ હોય તો તમામ તબીબોએ ઈમરજન્સી સેન્ટરમાં એકત્ર થવાનું હોય છે એટલું જ નહિ પેશન્ટોને ઝડપથી સારવાર મળી રહે તે પ્રકારની વ્યવસ્થા પણ કરવાની હોય છે.

આજે એકાએક અપાયેલા આ યલો કોડ આપતાં થોડીક મિનિટો માટે હોસ્પિટલમાં સારી એવી દોડધામ પણ મચેલી જોવા મળી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ દેશની પ્રથમ સરકારી હોસ્પિટલ છે જે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવે છે. આ પ્રમાણપત્ર ચોથીવાર મેળવવા માટે તંત્રએ તેની તૈયારીઓ પૂરેપૂરી કરી લીધી છે.

## રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા ગણેશોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૩

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી ગણેશોત્સવના પાવન પર્વે ગઈ કાલે રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશની વિધિવત પૂજા અર્ચના કરી હતી.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ રાજભવન પરિવારના બાળકો દ્વારા રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમને રસપૂર્વક નિહાળ્યો હતો.

આ પ્રસંગે રાજભવન વસાહત યુવક મંડળ તથા અન્ય હોદ્દેદારોએ રાજયપાલશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. રાજભવનના અધિકારીશ્રીઓ, કર્મચારીઓના પરિવારજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

**Gandhinagar Dist. Co-op. Milk Producers' Union Ltd.,**
Madhur Dairy, Sector 25, 'K' Road, GIDC Electronic Estate,
Gandhinagar-382023 Phone:232 87134 to 38, Fax : 23287140

**TENDER NOTICE FOR LABOUR CONTRACT**

Tenders are invited from the Labour Contractors, holding valid Labour license, P.F. Number, E.S.I. Number, Service Tax Number. The tender includes various works of Madhur Dairy, like shiftings & loading of filled crates in cold storage & trucks, loading & unloading of cans from trucks, washing of can & crates. Contract will be given per litre of receipt & dispatch of milk & butter milk and also work of gardening, sewage cleaning and sweeping and moping of the premises. Interested parties have to take tender by paying tender fee of Rs.5000/- (Non-refundable). Tender form will be available from account department from 04-09-2014 to 11-09-2014 during office hours by cash. The filled tender form in sealed cover with D.D. of Rs. 30,000/-. In favour of Gandhinagar Dist.Co-op.Milk Producers union Ltd. Should be submitted latest by 12-09-2014 up to 3.00 p.m. in personally. The right is reserved to Managing Director to accept, reject or cancel the tender/offer/Advt.

**Managing Director**

## વર્ષ ૨૦૧૨ની બેંચના પાંચ આઈએએસને આસીસ્ટન્ટ કલેકટર તરીકે નિમણુંક અપાઈ

ગાંધીનગર, તા.૩

રાજય સરકારે વર્ષ ૨૦૧૨ની બેંચના પાંચ આઈએએસ અધિકારીઓને આસીસ્ટન્ટ કલેકટર તરીકે નિમણુંક આપતા હુકમો કરવામાં આવ્યા છે. જેમાં નખત્રાણાના આસિસ્ટન્ટ કલેકટર તરીકે ગૌરાંગ મકવાણાની નિમણુંક કરવામાં આવી છે.

જયારે લીંબડીના આસીસ્ટન્ટ કલેકટર તરીકે અમીન અરોરા, મોરબીના આસીસ્ટન્ટ કલેકટર તરીકે તુષાર સુમેરા, ધારીના આસીસ્ટન્ટ કલેકટર તરીકે વિપુલ ગુપ્તા અને મહુવાના આસીસ્ટન્ટ કલેકટર તરીકે અમૃતેષ ઔરંગાબાદકરની નિમણુંક કરાઈ છે.

## પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આનંદીબેને કૃષિ મંત્રી બાબુભાઈ બોખીરીયા અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ સાથે સમગ્ર પ્રદર્શનની મુલાકાત લઈને વિવિધ સ્ટોલ્સમાં પ્રદર્શિત પાક-ફળફળાદી-બિયારણા અને આધુનિક ખેત ઓજારોની તલસ્પર્શી જાણકારી મેળવી હતી. આ નિર્દેશ કરવો જરૂરી છે કે એગ્રીટેક એશિયા-૨૦૧૪ પ્રદર્શન તા. ૩થી પાંચ સપ્ટેમ્બર દરમ્યાન સવારે ૧૦થી સાંજે ૬ કલાક સુધી જાહેર જનતા કૃષિકારો પશુપાલકો માટે ખુલ્લુ રહેશે.

**ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિકાસ નિગમ લી.**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ અને વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં રૂ. ૨૦૦/- ભરેથી તા. ૯/૯/૨૦૧૪ (૧૮-૦૦ કલાક) સુધી આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧૭/૯/૨૦૧૪ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૮/૯/૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

**કામનું નામ**

જી.એસ.આર.ડી.સી. ગાંધીનગર કચેરી ખાતે સ્ટેશનરી આઈટમ પુરી પાડવાની કામગીરી માટે વાર્ષિક ભાવો મંગાવવા બાબતે.

**જનરલ મેનેજર**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, www.gsrdc.com
**માહિતી/૧૧૨૨/૧૪-૧૫**

**જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૧૪-૧૫નો (સુધારો-૧)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પેટા વિભાગ (સ્ટેટ) સબ જેલ સામે, હિંમતનગર, જી. સાબરકાંઠા ટેલીફોન નંબર : (૦૨૭૭૨) ૨૪૧૬૫૨ દ્વારા www.statetenders.comની યાદી મુજબ જેમાં નીચે પ્રમાણેનો સુધારો કરવામાં આવે છે.

(૧) 'એસ.આર.ટુ જ્યુડીશીયલ કર્વાટર એટ પ્રાંતિજ જિ. સાબરકાંઠા'ના કામના કોરા ટેન્ડરો તા. ૯/૯/૨૦૧૪, ૧૬-૦૦ કલાક સુધી ઈસ્યુ કરવામાં આવશે. સદરહુ ટેન્ડર આર.પી.એ.ડી. દ્વારા ભરાઈને પરત લેવાની છેલ્લી તા. ૧૬/૯/૨૦૧૪ છે.

ટેન્ડર નોટીસની અન્ય વિગતો યથાવત છે.

**ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૯૩/૨૦૧૪/સુધારો**